પશુપાલન નિયામકની કચેરી
સેકટર- ૧૦/ A, કૃષિ ભવન, બ્લોક-B,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(એપીડેમીઓલોજી શાખા)
Email-id – epihq-anml@gujarat.gov.in Tele. No (079232)56135

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# પરીપત્ર: વર્ષ ૨૦૧૯-૨૦

**વિષય : "CRIMEAN CONGO HAEMMORHAGIC VIRAL FEVER" એટલે કે "CCHF" રોગ એ વાઇરસથી મનુષ્યમાં થતા રોગ અન્વયે પશુપાલનની કામગીરી સાથે સંકળાયેલ તાંત્રિક અધિકારીશ્રીઓ/ તાંત્રિક કર્મચારીશ્રીઓએ તકેદારી રાખવાની ખાસ સૂચનાઓ..**

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે તાજેતરમાં સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી, જામનગર, બોટાદ અને બનાસકાંઠા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમા મનુષ્યમાં "CRIMEAN CONGO HAEMMORHAGIC VIRAL FEVER" એટલે કે , "CCHF" રોગથી શંકાસ્પદ કેસીસ ધ્યાને આવેલ છે. આ વાઇરસથી થતો રોગ મનુષ્ય માટે આ TICK BORNE રોગ – "ZOONOTIC IMPORTANCE " ધરાવતો હોવાથી, અને પશુઓમાં રોગ સ્વરૂપે નહી પણ મનુષ્યમાં થતા આ રોગ માટે પશુઓ "ASYMPTOMATIC CARRIER" એટલે કે, પશુઓમાં કોઇ પણ જાતના ચિન્હો દર્શાવ્યા સિવાય ફક્ત તે રોગના "NAIRO GROUP" ના "BUNYA VIRIDAE" ના VIRUS ના વાહક તરીકે ભાગ ભજવે છે. મનુષ્યમાં થતો આ રોગ જેના ફેલાવા માટે "TICK" ઇતરડી એ "VECTOR" – વાહન " સાધન માત્ર તરીકે ભાગ ભજવે છે.

(૧) સદર હુ રોગનો ફેલાવો અટકાવવા માટે ક્ષેત્રીય કક્ષાએ તેની સતત અને સંનિષ્ઠપણે નિગરાની રાખવા અને નીચે જણાવ્યા મુજબની અમલવારી કરવા/કરાવવા સૂચના આપવામાં આવે છે.

(૨) પશુઓ દ્વારા મનુષ્યમાં આ રોગ પ્રસરવાની શકયતાઓ કતલખાનાં જ્યાં પશુઓ કતલ થતા હોય તેવા સ્થાનોએથી પશુઓમાં આ રોગ પ્રસરી શકે છે. જેને ધ્યાને લઇ પશુઓની કતલ થતી હોય તેવા વિસ્તારોથી પશુઓ દૂર રહે તે જોવું, તેમજ કતલખાનામાં કામ કરતી વ્યક્તિઓએ ખાસ સાવધાની રાખવી.

(૩) સદર હું રોગ તાજું / કાચું –ઉકાળ્યા સિવાયનું દૂધ આરોગવું નહિ.

(૪) સદર હું રોગ આવા રોગગ્રસ્ત પશુનું પાકું રાંધ્યા વિનાનુ માંસ ખાવાથી થઇ શકે છે. જેથી આ અંગેની સમજણ બૃહદ રીતે જાહેર જનતા જોગ આપવી.

(૫) પશુઓની સારવાર માટે વપરાશમાં લેવાતી નીડલસ સીરીંજીસ અને ઇન્ટ્રાવીનસ ડ્રીપ ચઢાવવા માટે વપરાતી પ્લાસ્ટિક બોટલ્સ અને નળીઓને કામગીરીના વપરાશ બાદ



પશુચિકિત્સા પશુપાલન મહાવિદ્યાલય
ન.કૃ.યુ. નવસારી.
આવક નં. ૨૪૨૪
તારીખ: ૨૦/૯/૧૯

પશુપાલન નિયામકની કચેરી
સેક્ટર- ૧૦/ A, કૃષિ ભવન, બ્લોક-B,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(એપીડેમીઓલોજી શાખા)
Email-id – epihq-anml@gujarat.gov.in Tele. No (079232)56135

વ્યવસ્થિત રીતે બાયો- મેડીકલ વેસ્ટના નિયમોનુસાર ડીસ્પોઝ કરવાની ખાસ તકેદારી લેવી.

(૬) પશુ સારવાર માટે ખાસ કરીને ઇન્જેક્ટેબલ સોલ્યુશન ઇન્ટ્રા મસ્ક્યુલર કે ઇન્ટ્રા વીનસ થેરાપીથી સારવાર કરતી વખતે હેન્ડ ગ્લોવ્ઝ , ગોગલ્સ, ગમ બુટ અને સ્પેક્ટસ પહેરીને જ કરવા સુચન છે.

(૭) પશુઓમાં ઇન્ટ્રનલ ઑર્ગૅન્સમાંથી કે શરીરની ચામડી ઉપર સ્કીન લીઝન્સ જેવા કે RASHES- ચકામા પડે ત્યારે, તેમાંથી OOZING OUT થતું બ્લડ સીરસ ફ્લ્યુઇડ,પસ વિગેરેને સાફ કરતાં પૂર્વે ઉપર જણાવ્યા પ્રમાણે (મુદ્દા નં.૫ માં જણાવ્યા પ્રમાણે) ખાસ તકેદારી રાખીને જ સારવાર કરવા માટે અસરગ્રસ્ત પશુઓના સંપર્કમાં આવવું અને સારવાર બાદ વ્યવસ્થિતપણે એન્ટીસેપ્ટીક સોલ્યુશનથી હાથ ધોવા.

(૮) પશુઓમાં રૂટિન વર્કના બીમારીના કેસીસ સિવાયના ચિન્હો જણાય ત્યારે ખાસ સાવધાની વર્તીને જ સારવાર કરવી.

(૯) તમારા વિસ્તારના પશુઓમાં વધુ પડતા મૃત્યુ કે બિમારી જોવા મળે ત્વરિત નોંધ લેવી અને અત્રે તે અંગેનો રિપોર્ટ કરવો અને પશુઓના – પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓમાં પણ જો કોઇ બિમારીના ચિન્હો જેવા કે, વધુ પડતો તાવ, શરીરનો દુ:ખાવો, શરીર ઉપર ચાઠાં, સાંધાનો દુ:ખાવો, ઉલટી, વિગેરે માલૂમ પડે તો ત્વરિત આરોગ્ય વિભાગને જાણ કરવી.

(૧૦) પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને બીમાર પશુ કે મૃત્યુ થયેલ પશુઓના સંપર્કમાં આવતા સમયે જરૂરી પર્સનલ પ્રોટેક્ટીવ પ્રિકૉસન્સ લેવા ખાસ સૂચના છે તેમજ ઇતરડી / કથીરીના સંપર્કમાં આવવું નહીં.

(૧૧) પશુઓમાં જોવા મળતા ઇતરડી / કથીરીના નિયંત્રણ માટે જરૂરી કાર્યવાહી કરવી તે સૌથી મહત્વની તથા અગત્યની બાબત છે. આ સારૂ “એકેરીસાઇડ” દવાઓનો છંટકાવ-સ્પ્રે કરવો,

(૧૨) પશુ ચિકિત્સા સાથે સંકળાયેલા પશુ ચિકિત્સા અધિકારીશ્રીઓ કે તેમના સાથી તાંત્રિક કર્મચારીશ્રીઓએ બાયો સેફ્ટી લેવલ ત્રણ અને ચાર (૩ અને ૪) એટલે કે, ખાસ “એસેપ્ટીક પ્રિકૉસન્સ” ધ્યાને લઇને જ નમુના એકત્રીકરણ અને પરિવહન કરવાનું રહેશે.

(૧૩) જીલ્લા પશુપાલન અધિકારીશ્રીઓએ જીલ્લામાં પશુ સારવાર કામગીરી સાથે સંકળાયેલા અન્ય સંસ્થાઓ ખાનગી સંસ્થાઓ અને તેના પશુ ચિકિત્સા અધિકારીશ્રીઓને પણ તકેદારી રાખવા તમોએ જણાવવાનું રહેશે જેની નોંધ લેવી.

પશુપાલન નિયામકની કચેરી
સેકટર- ૧૦/ A, કૃષિ ભવન, બ્લોક-B,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(એપીડેમીઓલોજી શાખા)
Email-id – epihq-anml@gujarat.gov.in Tele. No (079232)56135

(૧૪) આ સિવાય સમયોચિત જરૂર જણાયે વધુ સુચનાઓ અત્રેથી આપવામાં આવશે પશુ ચિકિત્સા કામગીરીમાં અત્રેથી અપાતી આ પ્રકારેની સર્વે સૂચનાઓ પણ ધ્યાને લઇને કાર્યવાહી કરવા અર્થે જણાવવામાં આવે છે.

(૧૫) માન. સચિવશ્રી (પશુપાલન) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર સુચના અનુસાર અસરગ્રસ્ત જિલ્લાઓમાં કોંગોફીવર ન ફેલાય તે માટે પ્રાણીઓમાં ઇતરડી/કથીરી નિવારણની કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે સત્વરે હાથ ધરવામાં આવે અને કરેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવા સબંધિત જિલ્લાઓને ખાસ જણાવવામાં આવે છે.

(૧૬) તાજેતરમાં નોંધાયેલ કોંગોફીવરના રોગચાળા બાબતે જિલ્લા/તાલુકા કક્ષાની પશુપાલન શિબિરો, પશુપાલન વિસ્તરણ ઝુંબેશ, પશુ સારવાર કેમ્પો, અને જાતિય આરોગ્ય કેમ્પો જેવી પશુપાલન એકશનટેશન વિવિધ કામગીરીઓ દરમ્યાન સદર ઝુનોટીક રોગની માહીતગાર કરી પશુપાલકોમાં લોકજાગ્રુતિ જિલ્લાઓને ખાસ જણાવવામાં આવે છે.

(૧૭) દરેક જિલ્લા કક્ષાએ મળતી જિલ્લા રોગ સંચારી બેઠકોમાં નિયમિત હાજરી આપી જિલ્લા વહીવટી તંત્રને પ્રાણીઓમાં ઇતરડી/કથીરી નિવારણની કાર્યવાહી સંદર્ભે માહિતગાર કરવા અને જરૂર જણાયે આ રોગ સબંધે, જિલ્લાના સબંધિત તમામ વિભાગોનો સાથ સહકાર મેળવી રોગ અટકાવની કામગીરીની બાબત સુનિશ્ચિત કરી લેવા જણાવવામાં આવે છે.

– સહી –
પશુપાલન નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

---

રવાના કર્યુ.

જા.નં. એપી/વીઈટી-૪/CCHF/૭૧૦૯-૭૨૧૪/૧૯
પશુપાલન નિયામકની કચેરી ,કૃષિભવન,
સેક્ટર-૧૦/એ,ગાંધીનગર
તા. ૭/૦૯/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા નોડલ અધિકારીશ્રી,
અને
નાયબ પશુપાલન નિયામકશ્રી,
જિલ્લા પંચાયત તમામ........

નાયબ પશુપાલન નિયામક(એપી શાખા)
પશુપાલન નિયામકની કચેરી, ગાંધીનગર

# પશુપાલન નિયામકની કચેરી

સેક્ટર- ૧૦/ A, કૃષિ ભવન, બ્લોક-B,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(એપીડેમીઓલોજી શાખા)

Email-id – epihq-anml@gujarat.gov.in Tele. No (079232)56135


નકલ સવિનય રવાના પ્રતિશ્રી જાણ સારૂ

૧) નાયબ સચિવશ્રી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

૨) કુલપતિશ્રી,
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક – એ ચોથો,ગાંધીનગર

3) અધિક પશુપાલન નિયામકશ્રી,(આરોગ્ય)
આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)
જુના સચિવાલય, ગાંધીનગર

૪) પ્રિન્સીપાલશ્રી ,
વેટરનરી કોલેજ આણંદ,દાંતીવાડા જુનાગઢ અને નવસારી

નકલ રવાના પ્રતિશ્રી,

૫) અધિક પશુપાલન નિયામકશ્રી,
બળિયા નાબૂદી આર.પી. સ્કીમ, કૃષિભવન, પાલડી, અમદાવાદ

૬) વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી
વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની કચેરી,
અમદાવાદ-રાજકોટ-વડોદરા વિભાગ:; અમદાવાદ/રાજકોટ/વડોદરા

૭) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
ગુજરાત લાઇવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, કૃષિભવન ગાંધીનગર

૮) નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી,એફ.એમ.ડી. કચેરી, અમદાવાદ

૯) નાયબ પશુપાલન અધિકારીશ્રી – ઘ.પ.સુ.યો. તમામ

૧૦) નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી,વેટ પોલીક્લિનિક –તમામ

૧૧) નાયબ પશુપાલન નિયામક /મદદનીશ પશુપાલન નિયામકશ્રી
ઘ.મ.વિ.ઘ. અને મરઘાં વિકાસ કાર્યક્રમ અંતર્ગતની તમામે કચેરીઓ તથા ગ્રા.પ.પ્રા.સા. કેન્દ્રો તમામ.

૧૨) મદદનીશ પશુપાલન નિયામકશ્રી ,પશુરોગ અન્વેષણ તમામ

૧૩) મદદનીશ પશુપાલન નિયામકશ્રી ઘેટા-બકરા,વિસ્તરણ વિકાસની કચેરીઓ તમામ.

૧૪) નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રી
પશુ/ ઘેટા/ ગદર્ભ / અશ્વ /સસલાં / ઉછેર કેન્દ્રો- ફાર્મ્સ ..તમામ

૧૫) નાયબ પશુપાલન નિયામકશ્રી,
એફ.એમ.ડી. ટાઇપીંગ સ્કીમ, પોલીક્લીનીક હોસ્ટેલ કમ્પાઉન્ડ, આંબાવાડી અમદાવાદ

૧૬) મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ડેરી સંઘો તમામ

૧૭) અત્રેની તમામ શાખાઓ – તાબાની કચેરીઓને જાણ કરવા અર્થે ..

- હવાડાની આજુબાજુની જગ્યા સ્વચ્છ રાખવી,
- ઊકરડા માનવ રહેઠાણથી દૂર રાખવા,
- મળમૂત્રની નિકાલ અર્થેની નીંકો સાફ રાખવી,
- પશુઓ દ્વારા ખાધા બાદ વધેલાં ઓંગાઠ નો યોગ્ય નિકાલ કરવો,
- પાણીના સ્તોત્રો કે જ્યાં પાણી ભરાઈ રહેતું હોય, કાચું રહેઠાણ-છાપરૂં, અને લાકડાનો ઉપયોગ કરીને બનાવેલ રહેઠાણના કિસ્સામાં તે ઉપયોગ કરાયેલ લાકડાની તિરાડો, બખોલો વિગેરે, કે જ્યાં, ઈતરડી છુપાઈને તેના ઈંડા મૂકી શકે છે, તે સઘળી જગ્યાઓને દવા છંટકાવ કરીને આરક્ષિત કરવી જરૂરી છે,
- આવી જગ્યાઓએ ૧૫ દિવસ બાદ દવા છંટકાવની કામગીરી પુનઃ કરવી એ ટીક-ઈતરડીના જીવનચક્રને નાશ કરવા ખાસ જરૂરી છે,
- દુધનો ઉકાળીનેજ ખોરાક તરીકે ઉપયોગ કરવો,
- સમગ્ર ગામ ખાતેની સફાઈ પંચાયત દ્વારા હાથ ધરાય તે માટે સજાગપણે નાગરિકોની ફરજ સ્વરૂપે લઈને કામગીરી કરવા જણાવવું અને તે કામગીરીમાં સક્રિય રહીને સાથ સહકાર આપવો અને સેનીટેશન ડીપાર્ટમેન્ટ દ્વારા કરાતાં દવા છંટકાવ માં સહયોગ આપવો.

ક્રિમીયન કોંગો હેમરેજીક ફીવર અંગે ગભરાટ નહીં પણ સાવચેતીની બાબત જરૂર

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા"

મનુષ્યમાં "ક્રિમીઅન કોંગો હેમરેજીક ફીવર"નાં રોગથી બચવા અને ફેલાતો અટકાવવાનાં પગલાં લેવાં એ સમજુ નાગરિકની સમાજ તરફની ફરજ છે

" આ રોગનો અટકાવ એ પશુપાલન વિભાગની નેમ "

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

સ.મ.મુ.ગાં.(વાય)-૧૬૯૪-૫૦,૦૦૦-૪-૨૦૧૧-સીસ-૩

ગુજરાત રાજ્ય

સ્વર્ણિમ ગુજરાત 1960 - 2010

DEPARTMENT OF ANIMAL HUSBANDRY
પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય

# ક્રિમીયન કોંગો હેમરેજીક વાઈરલ ફીવર

**પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય**

## "ક્રિમીયન કોંગો હેમરેજીક ફીવર"

- એટલે કે, "સી.સી.એચ.એફ." રોગ એ વાઈરસથી મનુષ્યમાં થતો એક રોગ છે, જેના ફેલાવા માટે ટીક્સ –ઈતરડી ભાગ ભજવે છે, આમ આ રોગ એ ઈતરડીજન્ય રોગ છે,
- રાદરહુ ટીક્સ - ઈતરડી- એ હાયલોમા નામની ટીક્સ છે, અને તે રોગના ફેલાવા માટે જવાબદાર છે.
- મનુષ્યમાં થતો આ રોગ પશુઓમાં કોઈ પણ પ્રકારના ચિહ્નો દેખાડતો નથી, પરંતુ ફક્ત તે રોગના "નૈરો ગૃપ" ના "બુન્યા વાઈરસ" ના વાહક તરીકે ભાગ ભજવે છે.
- આ રોગ સૌ પ્રથમ ક્રિમીયાની અંદર ૧૯૪૪ માં જોવા મળેલ, જે બાદમાં ૧૯૫૬માં કોંગોમાં જોવા રાળેલ, જેના કારણે તેને "ક્રિમીયન કોંગો" તરીકે ઓળખવામાં આવે છે.
- આ રોગ મુખ્યત્વે પૂર્વીય યુરોપ, ચીન, મધ્ય એશિયા, દક્ષિણ યુરોપ, આફ્રીકા તેમજ ભારતીય ઉપખંડોમાં જોવા મળે છે.

### રોગનો ફેલાવો

- ઘણા જંગલી તેમજ પાલતું પ્રાણીઓ જેવા કે ગાય-ભેંસ, ઘેટાં-બકરાના શરીર પર આ ઈતરડી રહે છે.
- માણસમાં આ રોગનો ફેલાવો હાયલોમા ટીક્સ(ઈતરડી)ના કરડવાથી ફેલાય છે.
- ત્યારબાદ, આ રોગનો ફેલાવો એક માણસમાંથી બીજા માણસમાં ચેપી લોહી કે અન્ય સ્ત્રાવના સંસર્ગથી થાય છે.

### પશુઓમાં આ રોગ અન્વયેની બાબત...

**પશુઓમાં આ રોગના કોઈ લક્ષણો જોવા મળતા નથી**

આ રોગ કોને થઈ શકે ?

- કતલખાનામાં કામ કરતી વ્યક્તિઓને,
- દર્દીઓના સંપર્કમાં આવતી વ્યક્તિઓને,
- પશુઓના સંસર્ગમાં આવતી વ્યક્તિઓને,

### આ રોગના અટકાવ માટેનાં પગલાં-

એક સમજુ પશુપાલક તરીકે અને સમજદાર નાગરિક તરીકે-

- પશુઓ ઉપરની ટીક - ઈતરડીને દૂર કરવા અર્થે પશુઓ ઉપર ડેલ્ટામેથ્રીન-૧.૨૫% દવાનો સ્પ્રે કરવો, કે ફ્લુમેથ્રીન દવા લગાડવી,
- ડેલ્ટામેથ્રીન-૫% દવાનો સ્પ્રે ટીક - ઈતરડીના છુપાવવાના સ્થાનો- કોઢ-ગમાણ, તેની આજુબાજુની દિવાલોની તિરાડો-બખોલો વિગેરે સ્થાનોએ કરવો,
- પશુઓના રહેઠાણમાં "૭૫ મીલી ફોર્માલીન અને ૫૦ગ્રામ પોટેશીયમ પરમેંગેનેટ ૧૦૦ ચોરસફુટ જગ્યા માટે" થી ધુમીકરણ કરવું,
- આ સમય દરમ્યાન રહેઠાણની જગ્યાની જમીન પર કચરો તથા બીન જરૂરી ઘાસ પાથરીને સળગાવવાથી બાહ્ય પરોપજીવીઓની જુદી-જુદી અવસ્થાઓનો નાશ થાય છે.
- પશુઓને રાખવાની જગ્યા બદલવી,
- પશુઓના રહેઠાણની આસપાસની પડતર જમીનનું ખેડાણ કરવું જેથી ઈતરડીઓના ઈંડાનો સુર્યપ્રકાશની સીધી અસરથી તથા ખેડાણથી નાશ થાય છે.
- ફાર્મ ઉપર મરઘા-બતકોનો ઉછેર કરવાથી તેઓ બાહ્ય પરોપજીવીઓની જુદી-જુદી અવસ્થાઓ ખાઈ જતા હોવાથી તેનું નિયંત્રણ રહે છે.
- પશુઓના રહેઠાણની આસપાસના બીન જરૂરી ઘાસનો નાશ કરવો,
- પશુઓના શરીર ઉપરના વાળ દૂર કરાવવા,
- ઈતરડીઓ રાત્રીના સમય દરમ્યાન તેઓના રહેઠાણના સ્થળમાંથી બહાર આવતી હોવાથી રાત્રીના સમયે પશુઓના રહેઠાણમાં લીમડાના પાનનો ધુમાડો કરવો,
- કાચા ભોયતળીયા વાળા પશુઓના રહેઠાણમાં ટીક - ઈતરડીના છુપાવવાના સ્થાનો- કોઢ-ગમાણ, તેની આજુબાજુની દિવાલોની તિરાડો-બખોલો પુરી કાઢવી તથા, પશુઓના બેસવા અર્થે પાથરેલું-બેડીંગ મટીરીયલ- પરાળ-માટી-કુશ્કી-છારૂં વિગેરે દૂર કરીને આખુ મીઠુ તથા ચુનો નાખીને નવું સ્તર પાથરવું,